અનુ. જાતિના લોકોને વ્યવસાયનું સ્થળ / દુકાન
ખરીદવા માટે નાણાકીય સહાય આપવા બાબત
...

ગુજરાત સરકાર
સમાજ કલ્યાણ અને આદિજાતિ વિકાસ વિભાગ (સમાજ કલ્યાણ પ્રભાગ)
ઠરાવ ક્રઃ પરચ / ૧૯૯૯ / ન.બા. ૯ / ૨૨૫૫ (૯૪)/જ
સચિવાલય, ગાંધીનગર
તા. ૨૩-૩-૯૫

વંચાણે લીધો :-

સમાજ કલ્યાણ વિભાગનો તા.૨૭-૧૧-'૯૨ ના ઠરાવ ક્રઃ પરચ / ૧૦૯૨ / ૨૯૦૪ (૨)/જ

ઠરાવ :-

અનુસૂચિત જાતિના લોકોને વ્યવસાયનું સ્થળ / દુકાન ખરીદવા સમાજ કલ્યાણ ખાતા ધ્વારા સહાય આપવાની યોજના, આમુખમાં દર્શાવેલ ઠરાવમાં ફકરા-૨ માં નિયત થયેલ બોલીઓ અને શરતોએ અમલમાં છે. ઉક્ત ઠરાવના ફકરા- ૨ માં ની શરત નં. ૨ માં નીચે મુજબ ઉમેરો કરવાનું આથી ઠરાવવામાં આવે છે.

" સરકાર હસ્તકના બોર્ડ / નિગમ, શહેરી વિકાસ સત્તા મંડળ, સ્થાનિક સ્વરાજ્ય હસ્તકની સંસ્થાઓ અથવા ગ્રામ / નગર પંચાયતે લાંબાગાળાના ભાડે પટે ફાળવેલ દુકાનો / વ્યવસાયનું સ્થળ માટે પણ લોન / સહાય આપવામાં આવશે. પરંતુ ફાળવવામાં આવેલ દુકાન / વ્યવસાયનું સ્થળ માટે લોનની રકમ ભરપાઇ થાય ત્યાં સુધી દુકાન / વ્યવસાયનું સ્થળ સરકારને મોર્ગેજ કરવાની રહેશે. "

" આ ઉપરાંત પોતાની જમીનમાં બાંધેલ દુકાન અથવા ખરીદેલ દુકાન / વ્યવસાયના સ્થળને અરજદારે સરકાર પાસે લોનની ભરપાઇ થાય ત્યાં સુધી માર્ગેજ કરવાનો રહેશે, તે શરતે આ યોજનાનો લાભ મળશે.

પરંતુ અરજદારની પોતાની જમીનના ~~ટાઇટલ~~ કલીયર છે, અને જમીન 'બીનખેતી' થયેલ છે તે મુજબના પુરાવા રજુ કરવાના રહેશે. "

૨. આ વિભાગની સરખા ક્રમાંકની ફાઈલ પર નાણાં વિભાગે તા.૨૨-૩-૯૫ ના રોજની નોંધથી આપેલ સંમતિ અન્વયે આ ઠરાવ બહાર પાડવામાં આવે છે.

ગુજરાત રાજ્યના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

( કે. ડી. રાઠોડ )
નાયબ સચિવ
સમાજ કલ્યાણ વિભાગ

પ્રતિ

માન. રાજ્યપાલશ્રીના સચિવશ્રી, રાજભવન, ગાંધીનગર
માન.મુખ્યમંત્રીશ્રીના સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર
માન.મંત્રીશ્રી (સ.ક.) ના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર
નિયામકશ્રી, સમાજ કલ્યાણ ખાતું, ગુ.રા. ગાંધીનગર
સર્વે જીલ્લા પછાતવર્ગ કલ્યાણ અધિકારીશ્રીઓ
સર્વે જીલ્લા સમાજ કલ્યાણ અધિકારીશ્રીઓ (પંચાયત)
મહાલેખાધિકારીશ્રી, રાજકોટ / અમદાવાદ
પગાર અને હિસાબી અધિકારીશ્રી, અમદાવાદ / ગાંધીનગર
નિવાસી ઓડીટ અધિકારીશ્રી, અમદાવાદ / ગાંધીનગર
સચિવાલયના સર્વે વિભાગો
બજેટ શાખા, નાણાં વિભાગ
નાણાંકીય સલાહકારશ્રી, સમાજ કલ્યાણ વિભાગ
વિભાગની સર્વે શાખાઓ
સિલેક્ટ ફાઈલ